L09004801864
Party Name: G.M(E&A)
Received Date : 17/02/2014

ક્રમાંક :- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/૦૭
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૨/૦૨/૨૦૧૪

// પરિપત્ર //

વિષય : - નિગમની જે તે વસાહતોમાં ફાળવવામાં આવેલ પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ કે અન્ય મિલ્કતની ફાળવણીમાં જમીન સંપાદનને લગતા પ્રશ્નો, માળખાકીય સુવિધાનો અભાવ, કબજો સોંપવા બાબતે કોઈ કાયદાકીય અડચણ કે વિરોધ, સરકારશ્રી તરફથી જમીનનો કબજો ન મળવો, અથવા કાબુબહારના સંજોગોમાં મિલ્કતનો ફાળવણીદાર ઉપયોગ કરી શકે તેમ ન હોય તો તેને બદલે તે જ વસાહતમાં અન્ય જગ્યાએ તે જ પ્લોટ/ શેડ કે અન્ય મિલ્કતના વિસ્તાર જેટલા વિસ્તારની ફાળવણી કરવા બાબતેની નીતિ.

સંદર્ભ: નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસાર થયેલ ઠરાવ ક્રમાંક ૧૩૫/વિતરણ/૪૭૫/૨૦૧૩

નિગમની જે તે વસાહતોમાં ફાળવવામાં આવેલ પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ કે અન્ય મિલ્કતની ફાળવણીમાં જમીન સંપાદનને લગતા પ્રશ્નો, માળખાકીય સુવિધાનો અભાવ, કબજો સોંપવા બાબતે કોઈ કાયદાકીય અડચણ કે વિરોધ, કબજો ન આપી શકાયો હોય, અરજદાર કાબુ બહારના સંજોગોમાં ઉપયોગ કરી શકે તેમ ન હોય, તેવા કિસ્સાઓમાં ગુણદોષની ચકાસણી કરી તે જ વસાહતમાં અન્ય જગ્યાએ તે જ પ્લોટ/ શેડ કે અન્ય મિલ્કતના વિસ્તાર જેટલા વિસ્તારની ફાળવણી નિગમની તે જ વસાહતમાં ઉપલબ્ધ જમીનને આધિન અન્ય કોઈ પણ વધારાના દર વસૂલ કર્યા સિવાય બદલી આપવાનુ ઠરાવવામાં આવ્યુ.

સુધારા હુકમ કરતાં પહેલા ઉપા. અને વ.સં.શ્રી તથા અધ્યક્ષશ્રીની દરખાસ્ત પરત્વે મંજૂરી મેળવવાની રહેશે. ઉપરોક્ત સંદર્ભદર્શિત ઠરાવથી નીચે મુજબની નીતિને અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવ્યુ.

(૧) આ રીતે કોઈ એક મિલ્કતના બદલામાં પૂરેપૂરી મિલ્કત જો બદલી આપવાની થતી હોય તો તેવા સંજોગોમાં ફાળવણી પેટે નવેસરથી કબજા પાવતી પણ ક્ષેત્રિય કચેરી ધ્વારા જારી કરવાની રહેશે. તેમજ વણવપરાશની દંડકીય રકમ વસૂલ કર્યા સિવાય બદલી આપવાની રહેશે. પરંતુ તે મિલ્કત પેટે નિગમના કાયદેસરના વસુલ કરવા પાત્ર તમામ બાકી રહેલા લ્હેણાં પ્રથમ વસુલ કરવાના રહેશે.

ઉપરોક્ત પ્લોટની અદલાબદલીનો કિસ્સો નિગમની નિયમીત વિતરણ પ્રણાલી પુરતો સીમિત રહેશે.

વાણીજ્ય પ્રકારની મિલ્કત કે હરાજીના કિસ્સામાં નિગમની તળીયાની કિંમત નક્કી કરવા માટે નિમવામાં આવેલ સમીતિ ધ્વારા પ્લોટ વિતરણની કિંમત નક્કી કરવાની રહેશે. આ કિંમત નક્કી કરતી વખતે જો તળીયાની કિંમત હરાજીની કિંમત કરતા વધારે હોય તો તેવા કીસ્સામાં બાકી નીકળતી રકમ વસુલ લેવાની રહેશે પરંતુ જો તળીયાની કિંમત હરાજીની કિંમત કરતા ઓછી હોય તો તેવા સંજોગોમાં કોઇ રકમ ફાળવણીદારને પરત કરવાની રહેશે નહી.

ક્ષેત્રિય કચેરી ધ્વારા ઉપરોક્ત કિસાઓમાં બદલવા અંગેના પ્લોટ બાબતે તાંત્રીક તથા વિતરણ શાખાના અભિપ્રાય સાથે દરખાસ્ત રજુ કરવાની રહેશે

(૨) આ રીતે બદલી આપવામાં આવનાર ફાળવેલ મિલ્કતના કોઈ નાનકડા હિસ્સા માટે તે જ વસાહતમાં અન્ય જગ્યાએ ઉપલબ્ધ જમીનને આધિન ફાળવણી કરવાની થાય તેવા સંજોગોમાં ક્ષેત્રિય કચેરી ધ્વારા વિભાગીય પ્રબંધકશ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રી ધ્વારા સ્થળ તપાસના અંતે ફાળવણીદાર ધ્વારા કરવામાં આવેલ જમીનની બદલવા માટેની માંગણી અંગે તપાસ અને તારણ બાદ બદલવા પાત્ર જમીનની માંગણી સામે આપવા પાત્ર જમીન તે જ વસાહતમાં ઉપલબ્ધ જમીનને ધ્યાને લઇ દરખાસ્ત મંજુરી અર્થે રજુ કરવાની રહેશે. આ કિસ્સામાં પણ બદલી આપવામાં આવેલ જમીન પુરતી કબજા પાવતી ક્ષેત્રિય કચેરી ધ્વારા જારી કરવાની રહેશે. અને આ રીતે બદલી આપવામાં આવેલ જમીન પૂરતી નિગમની નીતિ મુજબ પ્લોટ વપરાશ માટેની દંડકીય રકમ ભરવામાંથી મુક્તિ આપવાની રહેશે.

આ કિસ્સામાં જો કોઇ વાંધો કે વિવાદ ફાળવણીદાર ધ્વારા ઉઠાવવામાં આવે તો તેવા સંજોગોમાં માન. ઉપધ્યક્ષ અને વહિવટી સંચાલકશ્રી તથા માન. અધ્યક્ષશ્રી ની સમીતિ ધ્વારા ગુણદોષ આધારિત લેવામાં આવનાર નિર્ણય આખરી ગણવાનો રહેશે.

આ કિસ્સામાં પણ જે તે પ્લોટના પુરા વિસ્તાર માટે નિગમના કાયદેસરના બાકી તમામ લ્હેણાંપ્રથમ વસુલ કરી દરખાસ્ત વડી કચેરીને મંજુરી અર્થે મોકલવાની રહેશે.

વાણીજ્ય પ્રકારના કિસ્સામાં ઉપરોક્ત ક્રમાંક : ૧ માં દર્શાવ્યા મુજબની કિંમત બદલી આપવામાં આવનાર જમીનના જે તે વિસ્તાર પુરતી ગણવાની રહેશે

(૩) ઉદ્યોગકારને આ રીતે બદલી આપવામાં આવેલ વિસ્તાર માટે સુધારા હુકમ સાથે નવેસરથી કબજા પાવતી આપવાની રહેશે. જેના કારણે તેમના ધ્વારા રજૂ કરવામાં આવનાર નકશા મંજૂર કરવા કે પ્લાન મોડુ શરૂ કરવા માટે કોઈ દંડકીય રકમ વસૂલ લેવાનો પ્રશ્ન ઉદ્ભવે નહી. તેમજ વપરાશ અંગેની સમયમર્યાદા માટે પણ કબજા પાવતીને આધારે વપરાશની સમયમર્યાદા પ્લોટના વિસ્તારને ધ્યાને લઈ ગણવાની થતી હોય તેમાં પણ ફાળવણીદારને રાહત મળે.

આથી નવી કબજા પાવતી જારી કરવાની રહેશે તથા જુની કબજા પાવતી સામે સુધારા હુકમ જારી કરવાનો રહેશે અનેતે સુધારો કરવાની સત્તા ક્ષેત્રિય કચેરીના વિ.પ્ર.શ્રીને સોંપવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......જાણ સારું.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ...તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો............તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઈડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ.
જનરલ મેનેજર (ઈ. એન્ડ એ.)

PROGRAMEER